ગઝલમાં કાફિયા ચકાસવાની અતિસરળ પદ્ધતિ (મતલાના કાફિયાના આધારે) :-

અમૃત ‘ઘાયલ’ની ૧૦ ગઝલોના મતલાને ઉદાહરણ તરીકે પસંદ કરીને મતલાના કાફિયાને આધારે આખી ગઝલના કાફિયા ચકાસવાની અતિસરળ પદ્ધતિ શાસ્ત્રોક્ત ચર્ચા વગર પ્રસ્તુત છે.

(૧)
નવી દ્રષ્ટિ પ્રથમ પયદા કરે જૂના નયન માટે,
પછી મંતવ્ય બાંધે સાક્ષરો મારાં કવન માટે.
- અમૃત ‘ઘાયલ’
‘આઠોં જામ ખુમારી’ પૃષ્ઠ ક્રમાંક - ૧૦૩
મતલાના કાફિયા : નયન-કવન

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં અંત્યાક્ષર ‘ન’ એકસરખો હોવો જોઈએ અને એ પહેલાના અક્ષરનો સ્વર ‘અ’ એકસરખો હોવો જોઈએ.

(૨)
કેમ ભૂલી ગયા? દટાયો છું,
આ ઇમારતનો હું ય પાયો છું.
- અમૃત ‘ઘાયલ’
‘આઠોં જામ ખુમારી’ પૃષ્ઠ ક્રમાંક - ૩૦૭
મતલાના કાફિયા : દટાયો-પાયો

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં અંત્યાક્ષર ‘યો’ એકસરખો હોવો જોઈએ અને એ પહેલાના અક્ષરનો સ્વર ‘આ’ એકસરખો હોવો જોઈએ.

(3)
તિમિર હું તેજ ફેંકીને હણું છું,
ઉષાકર છું, કહ્યું કોણે અણુ છું?
- અમૃત ‘ઘાયલ’
‘આઠોં જામ ખુમારી’ પૃષ્ઠ ક્રમાંક – ૧૮૩

મતલાના કાફિયા : હણું-અણુ

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં અંત્યાક્ષર 'ણું' એકસરખો હોવો જોઈએ અને એ પહેલાના અક્ષરનો સ્વર 'અ' એકસરખો હોવો જોઈએ. પહેલી પંક્તિમાં અંત્યાક્ષર 'ણુ'ને માથે અનુનાસિક અનુસ્વાર છે જ્યારે બીજી પંક્તિમાં નથી. કાફિયામાં અનુનાસિક અનુસ્વારની આ પ્રકારની છૂટ સ્વીકાર્ય છે.

(૪)
શબ્દની આરપાર જીવ્યો છું,
હું બહુ ધારદાર જીવ્યો છું.
- અમૃત 'ઘાયલ'
'આઠોં જામ ખુમારી' પૃષ્ઠ ક્રમાંક – ૪૮૩
મતલાના કાફિયા : આરપાર-ધારદાર

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં અંત્યાક્ષર 'ર' એકસરખો હોવો જોઈએ અને એ પહેલાના અક્ષરનો સ્વર 'આ' એકસરખો હોવો જોઈએ.

(૫)
શબ્દને તોડ્યો છે મેં ફોડ્યો છે,
તોડીફોડી યથેચ્છ જોડ્યો છે.
- અમૃત 'ઘાયલ'
'આઠોં જામ ખુમારી' પૃષ્ઠ ક્રમાંક - ૭૧૧
મતલાના કાફિયા : ફોડ્યો-જોડ્યો

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં જોડાક્ષર 'ડ્' સહિત અંત્યાક્ષર 'યો' એટલે કે 'ડ્યો' એકસરખો હોવો જોઈએ અને એ પહેલાના અક્ષરનો સ્વર 'ઓ' એકસરખો હોવો જોઈએ. જોડાક્ષરવાળા કાફિયામાં જોડાક્ષર અલગઅલગ હોય તો એ કાફિયાદોષ ગણાય છે.

(૬)
લોક સમજે છે કે ચિંતાગ્રસ્ત છું,
કેમ સમજાવું કે નિજમાં મસ્ત છું.
- અમૃત 'ઘાયલ'
'આઠોં જામ ખુમારી' પૃષ્ઠ ક્રમાંક - ૭૩૬

મતલાના કાફિયા : ચિંતાગ્રસ્ત-મસ્ત

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં જોડાક્ષર 'સ્' સહિત અંત્યાક્ષર 'ત' એટલે કે 'સ્ત' એકસરખો હોવો જોઈએ અને એ પહેલાના અક્ષરનો સ્વર 'અ' એકસરખો હોવો જોઈએ. જોડાક્ષરવાળા કાફિયામાં જોડાક્ષર અલગઅલગ હોય તો એ કાફિયાદોષ ગણાય છે.

(૭)
તુચ્છ છે દેહ યાને અંગનું સુખ,
હોય છે ઔર અંતરંગનું સુખ.
- અમૃત 'ઘાયલ'
'આઠોં જામ ખુમારી' પૃષ્ઠ ક્રમાંક – ૮૯૬
મતલાના કાફિયા : અંગનું-અંતરંગનું

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં અંત્યાક્ષરો 'ગનું' એકસરખા હોવો જોઈએ અને એ પહેલાના અક્ષરનો સ્વર 'અં' એકસરખો હોવો જોઈએ. પ્રત્યય 'નું' કાફિયા સાથે જોડીને લખવામાં આવ્યો છે પરંતુ અહીં એની ગણતરી રદીફમાં થશે.

(૮)
અહોનિશ ગઝલ પાઠ કરતો : ફરું છું,
શબદના વહેણોમાં સરતો :ફરું છું.
- અમૃત 'ઘાયલ'
'આઠોં જામ ખુમારી' પૃષ્ઠ ક્રમાંક – ૮૧૭
મતલાના કાફિયા : કરતો-સરતો

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં અંત્યાક્ષરો 'રતો' એકસરખા હોવો જોઈએ અને એ પહેલાના અક્ષરનો સ્વર 'અ' એકસરખો હોવો જોઈએ. આ પ્રકારના કાફિયામાં પ્રત્યય પહેલાનો અક્ષર સ્વર સહિત લખાતો હોવા છતાં એનું ઉચ્ચારણ હલન્ત થતું હોવાથી પ્રત્યય ઉપરાંત પ્રત્યય પહેલાનો હલન્ત ઉચ્ચાર ધરાવતો અક્ષર પણ એકસરખો જ હોવો જરૂરી છે, અન્યથા કાફિયાદોષ ગણાય છે. ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં પ્રત્યય 'તો' ઉપરાંત એના પહેલાનો સ્વર સહિત લખાતો હોવા છતાં હલન્ત ઉચ્ચાર ધરાવતો અક્ષર 'ર' પણ એકસરખો જ હોવો જરૂરી છે.

(૯)

નથી મળતું જીવનમાં રોજ અંગૂરી ઝરણ સાકી!
મને પણ થાય છે, પીધા કરું હું આમરણ સાકી!
- અમૃત 'ઘાયલ'
'આઠોં જામ ખુમારી' પૃષ્ઠ ક્રમાંક - ૩૭૪
મતલાના કાફિયા : ઝરણ-આમરણ

ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં અંત્યાક્ષરો 'રણ' એકસરખા હોવો જોઈએ અને એ પહેલાના અક્ષરનો સ્વર 'અ' એકસરખો હોવો જોઈએ.

(૧૦)
આ કાળને ય શક્ય છે ઓળંગી જાઉં હું;
મારવા પડ્યો છું તેમ છતાં જીવી જાઉં હું.
- અમૃત 'ઘાયલ'
'આઠોં જામ ખુમારી' પૃષ્ઠ ક્રમાંક – ૪૭૨
મતલાના કાફિયા : ઓળંગી-જીવી

કાફિયામાં એકસરખો અંત્યાક્ષર ન હોય ત્યારે અંત્યાક્ષરનો ફક્ત સ્વર જ એકસરખો હોવો જોઈએ. ઉપરોક્ત ગઝલના બધા જ કાફિયામાં અંત્યાક્ષરનો ફક્ત સ્વર 'ઈ' જ એકસરખો હોવો જોઈએ એટલે કે બધા જ કાફિયા ઈકારાંત હોવા જોઈએ. અંત્યાક્ષરનો ફક્ત સ્વર જ એકસરખો હોય એવા કાફિયામાં અકારાંત કાફિયાનો પ્રયોગ કાફિયાદોષ ગણાય છે.

Contact to Learn Online
Arrangement of Lay, Chhand and Kafiya for Geet-Ghazal writing.

Uday Shah
(M) +919428882632

Website to Download All PDF of My Research about Ghazal
https://sites.google.com/site/udayshahghazal/

Subjects of My Research :-
(1) TaalShastra of Ghazal
(2) ChhandShastra of Ghazal
(3) Arrangement of Kafiya in Ghazal